અપીલ અરજી નં.૨૧૮ તા.૧૧ –૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પંકજભાઈ પાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પંકજભાઈ પાટીલની તા.૨૫–૩–૧૧ની અરજીથી તરાના પ્રીન્ટસનું પ્લોટ નં.૪૩,૪૪,૪૫ પાંડેસરા, જીઆઈડીસી પર જે બાંધકામ થયેલ છે તે કાયદેસર છે કે કેમ તેની વિગત આપવી. પ્લાન પાસ છે કે કેમ? તેની વિગત માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.
સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૧૮/૨૦૧૧–૧૨

શ્રી પંકજભાઈ પાટીલની તા.૨૫–૩–૧૧ની અરજીથી તરાના પ્રીન્ટસનું પ્લોટ નં.૪૩,૪૪,૪૫ પાંડેસરા, જીઆઈડીસી પર જે બાંધકામ થયેલ છે તે કાયદેસર છે કે કેમ તેની વિગત આપવી. પ્લાન પાસ છે કે કેમ? તેની વિગત માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૬૫ તા.૧૮–૮–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને તેમની લગભગ અઢી માસથી વધુ વિલંબીત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજુ કરવા તથા મુળ માંગેલ માહિતી જણાવેલ ન હોઈ તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૩૫૯ તા.૮–૯–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૫૦ તા.૨૦–૪–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૫–૩–૧૧ ની અરજીથી તરાના પ્રીન્ટસનું પ્લોટ નં.૪૩,૪૪,૪૫ પાંડેસરા, જીઆઈડીસી પર જે બાંધકામ થયેલ છે તે કાયદેસર છે કે કેમ તેની વિગત આપવી. પ્લાન પાસ છે કે કેમ? જે અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. પરંતુ ઉધનાઝોન તરફથી નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી તા.૧૧–૮–૧૧ ના રોજ વિલંબથી અપીલ અરજી કરવામાં આવેલ. અરજદારની અરજીમાં અરજદારેતરાના પ્રીન્ટસનું પ્લોટ નં.૪૩,૪૪,૪૫ પાંડેસરા, જીઆઈડીસી પર જે બાંધકામ થયેલ છે તે કાયદેસર છે કે કેમ? તેની વિગત આપવી. પ્લાન પાસ છે કે કેમ? તેની વિગત આપવી. સંપૂર્ણ બાંધકામ કાયદેસર છે કે કેમ? તેની સંપૂર્ણ વિગત આપવી. બાંધકામ માટે મંજુરી આપનાર અધિકારીની વિગત જણાવવી. બાંધકામની પરવાનગી માટે તરાના પ્રિન્ટર્સ તરફથી રજૂ કરવામાં આવેલ દસ્તાવેજ જરૂરી પુરાવાની એક નકલ આપવી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નિયત સમય અવધિમાં પત્ર નં.સા.ઝોન/ટેક./૫૦ તા.૨૦–૪–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં " આપની અરજીના સંદર્ભે ઉધનાઝોનના ઉપલબ્ધ રેકર્ડ મુજબ પ્રશ્નવાળી મિલ્કતમાં વિકાસ પરવાનગી ટીડીઓ/૧૦૨૯ તા.૨૦–૨–૧૯૯૨ થી આપવામાં આવેલ છે. તેમજ અરજીમાં જણાવેલ અન્ય વિગતોની રેકર્ડ ચકાસણી અંગે અગાઉથી સમય મેળવી ઉધનાઝોનની કચેરીએ હાજર રહી રેકર્ડની ચકાસણી કરી શકો છો. " તેવું જણાવેલ છે. આમ અરજદારે કરેલ અપીલ નહીં મળેલ માહિતી બાબતેની છે જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે વિલંબથી તા.૧૧–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજૂ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. જે અંગે અરજદારને અપીલ અરજીના વિલંબ અંગે વાબીજપણું રજૂ કરવા તેમજ મળેલા પ્રતિભાવની કોઈ વિગતો તમોએ અપીલમાં નારાજગી અંગે જણાવેલ ન હોઈ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અપીલ અરજીમાં તે જણાવવા અરજદાર સફળ રહેલ નથી. વધુમાં અરજદારે અપીલમાં માંગેલ માહિતી ૩૦ દિવસમાં પૂરી પાડવામાં આવેલ છે તેમજ માહિતી અરજીનો જવાબ આપ્યો ન હોઈ તેવું જણાવી કરેલ અપીલ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે. તેમજ અરજદારને માહિતી અંગે ઈન્સ્પેકશન પણ પૂરું પાડવાની તૈયારી જાહેર માહિતી અધિકારી તરફથી દર્શાવેલ છે. પરંતુ બંને પક્ષકાર તરફથી ઈન્સ્પેકશન બાબતે કોઈ પ્રકાશ પાડવામાં આવેલ નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો ઓફિસ કામકાજ દરમ્યાન આગોતરો સમય મેળવી જાહેર માહિતી અધિકારીએ જણાવેલ પ્રસ્તાવ અનુસાર પ્રસ્તુત કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને અને નિયમ–૫ હેઠળ માહિતી મેળવી શકે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૫–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના તપાસણી બાબતેના પ્રસ્તાવ અનુસાર જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ તપાસણી ફી ભરપાઈ કરી તપાસણી કરવા સ્વતંત્ર છે. અરજદારની માંગણી થયે હુકમની અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)<br>
ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૯–૧૧

પ્રતિ,<br>
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ...જાણ તથા અમલ માટે.<br>
(૨) શ્રી પંકજભાઈ પાટીલ,